અપીલ અરજી નં.૫૧૦ થી ૫૧૩ તા.૨૭–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન
ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૨૨–૧૧–૧૧ની અરજીથી આઈ ડી નં.૪૨૪,૪૨૫,૪૨૭ અને ૪૨૯ થી સેન્ટ્રલઝોન તથા રાંદેરઝોનમાં બાંધકામ બાબતેના દરેક પ્રશ્નમાં મુદ્દા નં.૧ થી ૧૪ ના પ્રોફોર્મામાં એક સરખી વિગતેમુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૧૦થી ૫૧૩/ ૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૨૨–૧૧–૧૧ની અરજીથી આઈ ડી નં.૪૨૪,૪૨૫,૪૨૭ અને ૪૨૯ થી સેન્ટ્રલઝોન તથા રાંદેરઝોનમાં બાંધકામ બાબતેના દરેક પ્રશ્નમાં મુદ્દા નં.૧ થી ૧૪ ના પ્રોફોર્મામાં એક સરખી વિગતેમુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૧૨–૧૧ ના રોજ ચારેય અરજીઓમાં સરખી વિગતે ચાર અપીલ કરવામાં આવેલ છે. આમ અરજદારે સરખી વિષય વસ્તુ બાબતેની સરખા મુદ્દાઓ અંગેની અરજીઓ હોવાથી ચારેય અપીલ અરજીઓનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગત–વૈધાનિક જોગવાઈ સહ સ્પષ્ટ કરવા સાથે વિસંગત મુદ્દા અંગે સ્પષ્ટતા કરવા અપીલ નં.૫૧૦ પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૪૦૧ તા.૭–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, અપીલ નં.૫૧૧ પત્ર નં.આરટીઆઈ સેલ /૧૪૦૨ તા.૭–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, તથા ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ, અપીલ નં.૫૧૨પત્રનં.આરટીઆઈ સેલ/૧૪૧૨ તા.૯–૧–૧૨ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) , અપીલ નં.૫૧૩ પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૧૩ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ ને તથા અરજદારને ચારેય અપીલો અંગે** અપીલ દરમ્યાન માહિતી મળે તો સૂચિત કરવા તથા ત્યાર બાદ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. તથા બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ,સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટતા કરવા તથા જાહેર માહિતી અધિકારીના પ્રતિભાવ અંગે નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અપીલ નં.૫૧૦ માં પત્ર નં.એઆરડી/૩૧૭ તા.૨૧–૧–૧૨ થી પૂરક પત્ર રજૂ કરેલ છે. અપીલ નં.૫૧૧ માં જાહેર માહિતી અધિકારી મધયસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૬૧ તા.૧–૨–૧૨ થી પૂરક વિગતોમાં પ્રોજેકટ પ્લાન દર્શાવવામાં આવતા ડીસ્પ્લેની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૩૯૨ તા.૧૪–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. અપીલ નં.૫૧૨ માં જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/૯૭૨ તા.૨૦–૧–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ અને અરજદારને આપેલી માહિતી અંગે વેસ્ટઝોન/આરટીઆઈ/૮૪૬ તા.૧૯–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે

મળેલ છે. અપીલ નં.૫૧૩ માં જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/૯૭૩ તા.૨૦–૧–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, રાંદેરઝોન તરફથી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કર્યા અંગેના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૭૮૪ તા.૨૫–૧૧–૧૧ ના પત્રની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૨૮ તા.૧૩–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી ચારેય અપીલોમાં તા.૧૭–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૨–૧૧–૧૧ ની આઈ ડી નં.૪૨૪ વાળી અરજીમાં પ્રશ્ન નં.૧ સોની ફળીયા મેઈન રોડ,ચાંલ્લા ગલીમાં, વિમલ વિનાયકવાળું નવું બાંધવામાં આવેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં.,વોર્ડ નં.,પ્લોટ નં. આપવો ? તથા પ્રશ્ન નં.૨ પાનવાલા નામથી બનેલ પ્રોપટી૧/૫૫૯ નંબરના મકાનની બાજુમાં પોર મોહલ્લામાં એસ.બી.આઈ.ની સામે, નાનપુરાવાળું નવું બાંધવામાં આવેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વેનં.,પ્લોટ નં.આપવો ? વિ. આઈ ડી નં.૪૨૫ વાળી અરજીમાં પ્રશ્નં.૧ ૬/૩૯૭ ગોપાલ ખમણ હાઉસ, ખરાદી શેરી નાકા, મંછરપુરા વાળું નવું બાંધકામ આવેલ બિલ્ડીંગ અને વિકાસ પરવાનગી આપવામાં આવી છે તેની કોમર્શીયલ કે રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે જે બંને ભેગી હોય તો કેટલી દુકાન , કેટલા માળ અને કેટલા માળ રેસીડન્ટ છે. પ્રશ્ન નં.૨ મહાલક્ષ્મી કોમ્પ., ગોપાલ ખમણ હાઉસની સામે, કોલસાવાડ નાકા, મંછરપુરા, વાળુ બાંધકામ વાળું બિલ્ડીંગની વિકાસ પરવાનગી આપવામાં આવી છે તેના રેસ. નંબર , પ્લોટ નંબર. પ્રશ્ન નં.૩ ટેલીફોન ભવન અને એપેક્ષ હોટલની વચ્ચે લીનીયર બસ સ્ટેન્ડ ડેપોની સામે દિલ્લીગેટ નજીક મેઈન રોડ પર નવા બાંધકામમાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. રેસ. નંબર, વોર્ડ નંબર અને પ્લોટ નંબર. આઈ ડી નં.૪૨૭ વાળી અરજીમાં પ્રશ્ન નં.૧ અને ૨ માવાણી પોઈન્ટ પ્રગતિનગર–૧, કૃષ્ણનગર–૨ ની સામે અડાજણ સુરત વાળી પ્ર ોપર્ટીને વિકાસ પરવાનગી આપવામાં આવી છે. રે.સ. નં., વોર્ડ નંબર, પ્લોટ નંબર આપવો. જયારે પ્રશ્ન નં.૩ માં શીવ ખમણ મહેન્દ્ર નરેન્દ્ર કેરી ચોકસીની વાડી સામે પ્રગતિનગર–૧, કૃષ્ણનગર–૨ ની સામે અડાજણ વાળી પ્રોપર્ટીને વિકાસ પરવાનગી આપવામાં આવી છે? રે.સ. નંબર, પ્લોટ નંબર અને વોર્ડ નંબર આપવો. અરજદારની આઈ ડી નં.૪૨૯ વાળી અરજીમાં મુદ્દા નં.૧ આરોગ્યમ હોસ્પિટલ હરીઓમનગરમાં સન બંગલોઝ બાજુમાં હરિદ્વાર સોસા. સામે ડીમાર્ટ રોડ, આનંદમહલ રોડ સુરત ખાતે બાંધકામ આવેલ મકાનની વિકાસ પરવાનગી આપવામાં આવી છે? રેસ. નંબર , વોર્ડ નંબર, પ્લોટ નં.૨ પ્રશ્ન નં.૨ તરૂણ મોટર્સ હરીઓમ નગરની આગળ, હરિદ્વાર સોસા. સામે ડીમાર્ટ રોડ, આનંદ મહલ રોડ, સુરત વાળી મિલ્કતને વિકાસ પરવાનગી આપવામાં આવી છે. રેસ. નંબર, વોર્ડ નંબર અને પ્લોટ નંબર આપવો. પ્રશ્ન નં.૩ આરોગ્યમ હોસ્પિટલ અને સન બંગ્લોઝ વચ્ચે રહરીઓમનગરને મેઈન રોડ લાગુ હરિ ધ્વારા સોસા. સામે ડીમાર્ટ રોડ આનંદ મહલ રોડ, સુરત વાળી મિલ્કતને વિકાસ પરવાનગી આપવામાં આવી છે. રેસ. નંબર, વોર્ડ નંબર અને પ્લોટ નંબર આપવો. આમ અરજદારે આઈ ડી નં.૪૨૪ થી ૪૨૯ ઉપરોકત નિર્દિષ્ટ સરનામા દર્શાવતી ૧૧ મિલ્કતો બાબતે મુદ્દા નં.૧ થી ૧૪ એક સરખા પ્રશ્નવાળી મિલકતોની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુમપાને સંબોધતી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ છે .

જેમાં આઈ ડી નં.૪૨૪વેસ્ટઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/૭૭૮ તા.૨૨–૧૧–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ અને કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ છે. આઈ ડી નં.૪૨૫ રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૭૭૯ તા.૨૨–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ અને કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન ને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ છે.આઈ ડી નં.૪૨૯ વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૭૮૪ તા.૨૫–૧૧–૧૧ થી મુદ્દા નં.૨ અંગે મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ ને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ છે.

જેમાં અરજદારે દરેક અરજીમાં મુદ્દા નં.૧ માં જે તે મિલ્કતનો રે.સ. નંબર અને પ્લોટ નંબરની માંગણી કરેલ છે. જયારે બાકીના ૨ થી ૧૪ મુદ્દા માં એક સરખા પ્રશ્નો રજૂ કરેલ છે. જેમાં મુદ્દા નં.૨ માં આ બાંધકામ કોમર્શીયલ અથવા રેસીડેન્સીયલ પરવાનગી આપેલ છે? કોમર્શીયલ અથવા રેસીડેન્સીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે. અનુ.નં.૩ બંગલા,ફલેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? અનુ.નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો?અનુ.નં.૫ ચાલુ બાંધકામ દરમિયાન રોડનું ખોદાણ કરી કઈ લાઈન લેવામાં આવી હતી? અનુ.નં. ૬ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? અનુ.નં.૭ બી.યુ.સી. આપવામાં આવ્યું છે? બી.યુ.સી. ન લેવામાં આવે તો તેવા સંજોગો માં એ બાંધકામ ગર્વમેન્ટ ના કયા કયા લાભ ન મળે? અનુ.નં.૮ ગટર ના તથા પાણી ના કનેકશન આપવામાં આવેલ છે? અનુ.નં.૯ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે? કઈ લેબોરેટરીમાં? અને રીપોર્ટ શું આવ્યો? અનુ.નં.૧૦ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા? અનુ.નં.૧૧ કામ

અટકાવવામાં આવેલ છે? અનુ.નં.૧૨ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું? અનુ.નં.૧૩ આગળ પાછળ માર્જીનની જગ્યા શા માટે છોડવામાં નથી આવી? અનુ.નં.૧૪ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી?

આઈ ડી નં.૪૨૪ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારને કોઈ પણ માહિતી પૂરી પડાયેલ નથી. જયારે પૂરક વિગતમાં માહિતી સંકલિત કરવાની કામગીરી કરવામાં આવી રહેલ હોવાનું અપીલ તબકકે જણાવેલ છે. પરંતુ અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.

જયારે આઈ ડી નં.૪૨૫ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પ્રશ્ન નં.૧ થી ૩ ના મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતી અંગે પ્રશ્ન નં.૧ અને ૨ ના મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતી સેન્ટ્રલઝોન તરફથી પૂરી પાડવામાં આવેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. જયારે પ્રશ્ન નં.૩ ના મુદ્દા નં.૧ થી ૧૪ અંગેપત્ર નં.ટીડીઓ/ ૩૯૨ તા.૧૪–૧૨–૧૧ થી ટેલીફોન ભવન અને એપેક્ષ હોટલની વચ્ચે લીનીયર બસ ડેપોની સામે, દિલ્હી ગેટ નજીક મેઈન રોડ, પર બાંધવામાં આવી રહેલ મિલ્કત અંગેની વિગતો માંગેલ છે જે અન્વયે જણાવવાનું કે જે મિલ્કતની વિગતો માંગેલ છે તે મિલ્કતનો વોર્ડ નંબર/સી.સ. નંબર, ટીપી સ્કીમ નંબર , ફા.પ્લોટ નંબર, રે.સ. નંબર વિગેરે દર્શાવેલ નથી. શહેર વિકાસ વિભાગ કક્ષાએથી મિલ્કતના નામે કોઈ કાર્યવાહી થતી ન હોય તમો જે જગ્યાની વિગતો મેળવવા માંગો છો તેનો વોર્ડ નંબર/ સી.સ. નંબર , ટી.પી. સ્કીમ નંબર, મોજે ફા.પ્લોટ નં, રે.સ. નં. વિગેરેની પૂર્તતા થયેથી તેની માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે. પ્રશ્ન નં.૨ પાનવાલા નામથી બનેલ પ્રોપર્ટી ૧/૫૫૯ નંબરના મકાનની બાજુમાં પોર મોહલ્લામાં એસ.બી.આઈ.ની સામે, નાનપુરાવાળું નવું બાંધવામાં આવેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વેનં.,પ્લોટ નં.આપવો ?

આઈ ડી નં.૪૨૭ ના પ્રશ્ન નં.૧ થી ૩ માં મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૮૪૬ તા.૧૯–૧૨–૧૧ થી તેવા પ્રશ્ન બાબતે સદર મિલ્કતના ટીપી નંબર, ફા.પ્લોટ નંબર, રે.સ. નંબર સહિતની વિગત જણાવ્યેથી વિગતવાર માહિતી આપવામાં આવશે. તેવું જણાવેલ છે.

આઈ ડી નં.૪૨૯ ના પ્રશ્ન નં.૧ થી ૩ પૈકી પ્રશ્ન નં.૧ અને ૩ ના મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૮૨૮ તા.૧૩–૧૨–૧૧ થી તેવા પ્રશ્ન બાબતે સદર મિલ્કતમાં ટીપી નંબર, ફા. .પ્લોટ નંબર, રે.સ. નંબર, સબ પ્લોટ નંબર તેમજ વોર્ડ નંબર તેમજ ટેના મેન્ટ નંબરની વિગતવાર માહિતી આપ્યેથી તમામ માહિતી વિગતવાર આપી શકાય. તેવું જણાવેલ છે. જયારે પ્રશ્ન નં. ૨ ના મુદ્દા નં.૧ થી ૧૪ બાબતે પત્ર નં.ટીડીઓ/૩૬૮ તા.૮–૧૨–૧૧ થી હસ્તાક્ષર વિનાના પત્ર ધ્વારા માંગવામાં આવેલી માહિતીમાં મિલ્કત નંબર, ટીપી નંબર, ફા.નંબર, રે.સ. નંબર, દર્શાવેલ નથી જેથી મધ્યસ્થ શહેર વિભાગ ધ્વારા મિલ્કતના નામે કોઈ કાર્યવાહી થતી ન હોઈ તમો જે જગ્યાની માહિતી માંગો છો તેનો ટીપી નંબર મોજે ફા.પ્લોટ નંબર, રે.સ. નંબર વિગેરેની પૂર્તતા થયેથી તેની માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાંઆવશે તેવું જણાવેલ છે.

ઉપરોકત આઈ ડી નં.૪૨૪,૪૨૫,૪૨૭ અને ૪૨૯ ની અરજી બાબતે અરજદારે એક સરખી અપીલ પ્રોફોર્મામાં અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારે અપીલ તબકકે રાંદેર ઝોનને તેમના ધ્વારા પુરે પુરુ નામ–સરનામુ આપવા છતાં અમને અમારો જવાબ આપવામાં આવ્યો નથી. અને અમારા સવાલની સામે અમોને સવાલ કર્યો (પોસ્ટ ઓફિસ, ફાયર , એમ્બ્યુલન્સ, ટેલીફોન,આરટીઓ એવી ઘણી અન્ય સરકારી સેવા જે એડ્રેસનાં આધારે ચાલે છે તે એડ્રેસને અમારા ધ્વારા થઈ શકે એટલું સહેલાઈ થી મળી શકે એ રીતે આપવામાં આવ્યું છતાં પણ અમને દિવસો વીત્યા બાદ વાડી તોડીને અમને સવાલ કરવામાં આવ્યો) શું દર્શાવેલી દરેક સરકારી સંસ્થાઓમાં દરેક જગ્યાએ શું ટી.પી. નંબર સર્વે નંબર, સીટ નંબર લીધા બાદ જ કાર્ય કરવામાં આવે છે. શું આરટી.આઈ –૨૦૦૫ મુજબ એવી કોઈ ચોકકસ વ્યાખ્યા કરવામાં આવી છે કે અધિકારી ધ્વારા જે જવાબ આપવામાં આવ્યો છે. જો આ અધિકારીઓ ને સ્થળ ન મળતુ હોય તો અમે જાતે તમારી સાથે આવીને સ્થળ બતાવવા તૈયાર છીએ જેથી અમોને જવાબ મળવા પાત્ર છે.તેવી રજૂઆત કરી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૮–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી બંને પક્ષકારો પાસેથી અપીલ તબકકે પત્રો પાઠવી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમાં અરજદારે તા.૧૭–૧–૧૨ ના પત્રથી ચારેય અપીલોમાં એક સરખી બાંધકામ સ્થળે ડીસ્પ્લે મુકવામાં આવ્યા નથી (૨) મનપાના કોઈ પણ અધિકારી કે કોઈ પણ વ્યકિત ધ્વારા માહિતી અધિકારીને સમજાવવા પ્રયત્ન કરવામાં આવેલ નથી કે અમને લેટર સખી સ્પષ્ટતા કરવા માટે બોલવવામાં આવેલ નથી. તેવી રજૂઆત કરેલ છે.

અરજદારે અપીલમાં જણાવેલ સંસ્થાઓના ઉદાહરણ આપી અને શહેર વિકાસ વિભાગ ધ્વારા રજુ થતા પ્લાનોની પરવાનગી આપવાની સેવા સાથે સરખાવવામાં આવેલ છે. તમામ સરકારી વિભાગોની કામગીરી નો હેતુ અલગ અલગ હોય છે અને તેમની નોંધણી અને રેકર્ડ રાખવાની પ્રથા અલગ અલગ હોય છે જેમ કે ટેલીફોન વિભાગનો રેકર્ડ ટેલીફોન નંબર સાથે, આરટીઓનો રેકર્ડ ગાડીના નંબર સાથે ,પોસ્ટનો રેકર્ડ પોસ્ટની જુદી જુદી સેવાઓ અનુસાર રાખવામાં આવતો હોય છે તેવી રીતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી સુરત મહાનગરપાલિકાની કચેરીએ રજુ થતા પ્લાનો ટી.પી.સ્કીમ નં./ ફા.પ્લોટ નં./ સબ પ્લોટ નં. રજુ કરવામાં આવે છે તેમાં કોઈ એપાર્ટમેન્ટના નામે પ્લાન રજુ થતા નથી. રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ ફકત ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને જવાબ કરવાનો રહે છે. તેની સ્થળ નિરીક્ષણ કરવાનુ રહેતુ નથી તેથી તે મુજબનો જવાબ કરેલ છે. આથી કોઈપણ વિભાગના રેકર્ડ માંગતા રેકર્ડની નોંધણી જે પ્રમાણે થતી હોય તેવી વિગતો રજુ કરવી આવશયક બને છે. વધુમાં અરજદારે સ્વયં અરજીમાં જે મિલકતની માહિતી માંગેલ છે તે મિલકત સરકારી દફતરે રેકર્ડ ઉપર જે નામે નોંધાતી હોય જેમ કે રે.સ.નં. વોર્ડ નં. જે તે વિસ્તારના બ્લોક નં. કે ટી.પી. અને પ્લોટ નં. કે સબ પ્લોટ નં. અને લોકેશન જણાવવાનું રહે છે સામાન્ય રીતે દસ્તાવેજોમાં પણ આવી જોગવાઈ હોય છે અને તેવી જ રીતે મિલ્કતોની ઓળખ થતી હોય છે માહિતી આપતી વખતે મિલ્કતની ઓળખ આપવી જરૂરી છે.વધુમાં જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી આઈ ડી નં.૪૨૫ માં પત્ર નં.ટીડીઓ/૩૯૨ તા.૧૪–૧૨–૧૧ થી તથા આઈ ડી નં.૪૨૯ માં પત્ર નં.ટીડીઓ/ ૩૬૮ તા.૮–૧૨–૧૧ થી, આઈ ડી નં.૪૨૭ માં જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૮૪૬ તા.૧૯–૧૨–૧૧ થી , આઈ ડી નં. ૪૨૯ માં જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૨૮ તા.૧૩–૧૨–૧૧ થી સ્પષ્ટતા કરવા અંગેના પત્રો પાઠવવામાં આવેલ છે. ત્યાર બાદ અરજદારને જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી મેળવવા જરૂરી વિગતો સાથે પ્રયત્ન કરવો જોઈએ પરંતુ તેઓ તરફથી અપીલ તબકકે પણ પ્રયત્ન કરેલ જણાતો નથી.

જેમાં અપીલ નં.૫૧૦ માં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સંકલિત માહિતી આપવા માટે તા.૨૨–૧૨–૧૧ ના રોજ સેન્ટ્રલઝોન સીવીક સેન્ટર ખાતે મોકલવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે કાયદાની કલમ–૭ હેઠળ પ્રત્યુત્તર અરજદારને અપાયાનું સુચવતો નથી.

અપીલ નં.૫૧૧ માં જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પૂરક વિગતોમાં અરજદારે તેમની અરજીમાં માંગેલ માહિતીમાં જમીનની વિગતો જેવી કે ટીપી સ્કીમ નંબર, ફા.પ્લોટ નંબર, મોજે /રે.સ. નંબર,/બ્લોક નંબર સી.સ.વોર્ડ નંબર/સી.સ. નં/ટીકા/નોંધ નંબરનો ઉલ્લેખ કરેલ નથી. અરજદારે જણાવેલ સ્થળ સ્થિતિના આધારે વિકાસ પરવાનગી આપવામાં આવતી નથી. પરંતુ ઉપર મુજબ જમીનના નંબર સહિતની વિગતોના આધારે પ્લાનની મંજુરી આપવામાં આવે છે. મિલ્કતના નામે શહેર વિકાસના રેકર્ડ ઉપર ઉપલબ્ધ કરવામાં આવતી નથી. જેથી અરજદારને ઉપર મુજબ જમીનની વિગતો બાબતે સ્પષ્ટ તા કરવા જણાવેલ છે તેની તેના આધારે ઉપલબ્ધ રેકર્ડ પરથી માહિતી આપી શકાય. વધુમાં સ્થળ પર ચાલતાં બાંધકામો અંગેની મંજુરી તથા જમીનની વિગતો વિગેરે સ્થળ ઉપર રોડ સાઈટે જાહેર જનતાને જાણમાં આવે એવી રીતે બોર્ડ મુકી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંગેના બોર્ડ પરથી સદરહુ બાંધકામની વિગતો મેળવી શકાય તેમ છે. આ સાથે સ્થળ પર મુકવામાં આવતા બોર્ડ ફોટોગ્રાફસ ઉદાહરણ તરીકે રજૂ કરેલ છે.

અપીલ નં.૫૧૨ અને અપીલ નં.૫૧૩ માં જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પૂરક વિગતોમાં સુમપામાં રાંદેરઝોન કચેરીએ રજૂ થતા પ્લાનો ટીપી સ્કીમ નંબર/ ફા.પ્લોટ નંબર/ સબ પ્લોટ નંબરથી રજૂ કરવામાં આવે છે. તેમાં કોઈ એપાર્ટમેન્ટના નામે પ્લાન રજૂ થતા નથી. તેમજ રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને જે જવાબ કરવાનો રહે છે. તેની સ્થળ નિરીક્ષણ કરવાનું રહેતું નથી. જેથી તે મુજબનો જવાબ કરેલ છે. વધુમાં લો રાઈઝ બિલ્ડીંગ તેમજ સોસા. લે આઉટના સ્થળ પર ચાલતી બાંધકામો અંગેની મંજુરી તથા જમીનની વિગતો સ્થળ ઉપર રોડ સાઈટે જાહેર જનતાને જાણમાં આવે એવી રીતે બોર્ડ મુકી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તેવું જણાવેલ છે.

વધુમાં અરજદારે અપીલમાં અધિકારીને સ્થળ ન મળતું હોય તો જાતે સ્થળ ઉપર બતાવવા તૈયાર છીએ તેવી રજૂઆત આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) સાથે સુસંગત નથી. વધુમાં અરજદાર ધ્વારા પણ સીટી સર્વે કચેરી કે આકારણી દફતર અથવા ટીપી યોજના દફતર ના માધ્યમો ધ્વારા માહિતી મેળવી જાહેર માહિતી અધિકારીએ આપવા પ્રયત્ન કરેલ જણાતો નથી. જાહેર માહિતી અધિકારીએ પણ અરજદારે જણાવેલ સરનામાના આધારે મિલ્કતોની આકારણી દફતરે નોંધ નંબર હોય તે પરથી મિલ્કતના પ્લોટની શકય હોય તો ઓળખ કરી માહિતી આપવા પ્રયત્ન કરી શકાય પરંતુ તેવો કોઈ પ્રયત્ન જાહેર માહિતી અધિકારી તરફથી પણ થયેલ જણાતો નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૨–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતની ઓળખ બાબતની વિગતો પુરી પાડયેથી માહિતી આપવા તૈયારી દર્શાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આકારણી દફતરે ઉપલબ્ધ નોંધ નંબર કે અન્ય ઓળખની વિગત અરજદારે જણાવેલ મિલ્કતની ઓળખ સુનિશ્ચિત થઈ શકતી હોય તો તેના દફતરી રેકર્ડ પરથી નોંધ નંબર કે સર્વે સીટી નંબરો જો હોય અને તે આધારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ અનુસાર આપી શકાય તેમ હોય તો દિન–૧૫ ની અવધિમાં આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયત–૫ હેઠળ લાગુ કિસ્સામાં દસ્તાવેજી ફી ભરપાઈ કરવાની રીતે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અને તેમ ન થઈ શકે તેમ હોય તો આઈડી નં.૪૨૫ માં જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૭૨ તા.૧૪–૧૨–૧૧ના પત્રથી, અરજદારને સુચિત કરવામાં આવેલ. જયારે આઈ ડી નં. ૪૨૭ માં જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/૮૪૬ તા.૧૯–૧૨–૧૧ થી અરજદારને સુચિત કરવામાં આવેલ. આઈ ડી નં.૪૨૯ વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/૮૨૮ તા.૧૩–૧૨–૧૧ થી તથા જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૬૮ તા.૮–૧૨–૧૧ થી સુચિત કરવામાં આવેલ. જે બાબત યથાવત રહેવા પામે છે તે મતલબની વિગતો અરજદારને અત્રેની જાણ હેઠળ પુનઃ અવગત કરાવવા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને જણાવવામાં આવે છે.

અરજદારને આઈ ડી નં.૪૨૪ અને ૪૨૫ બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી ન હોઈ અરજદારને તે અંગે ઉપરોકત ફરીયાદ હકીકતમાં જણાવ્યા મુજબ આકારણી દફતરેના નંબરો સાથે મિલ્કતની ઓખળ સુનિશ્ચિત થતી હોય તો તેવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા અન્યથા દફતરી હકીકતથી અરજદારને અવગત કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (વેસ્ટઝોન), ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધયસ્થ શહેર વિકાસ વિભાગ) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા